**પરિપત્ર** જા.નં./મા-૧/૨૦૧૭-૧૮/ ૧૦૪૫૦

તાત્કાલિક

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી.
ડૉ.હોમી મહેતા ટેકનીકલ હાઇસ્કૂલ કંપાઉન્ડ,
છાપરા રોડ,નવસારી,જિ.નવસારી.
તારીખ:૦૧/૦૬/૨૦૧૬

**પ્રતિ,**
**શાળા સંચાલકશ્રી/આચાર્યશ્રી,**
**નવસારી જિલ્લામાં આવેલ તમામ સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.**

વિષય :- સરકારી અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાસ દીઠ માનદવેતનથી પ્રવાસી શિક્ષકોની સેવા લેવા બાબતે.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/બમશ/૧૦૧૪/૧૪૦/ગ તા.૨૧/૧૨/૨૦૧૫
(૨) કમિશનરશ્રી,શાળાઓની કચેરી ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક/ઉમબ/ઉમા.૧/ પ્રવાસી શિક્ષક/૨૦૧૬/૧૯૨૫-૯૬ તા.૨૬/૦૨/૨૦૧૬
(૩) સંયુકત શિક્ષણ નિયામકશ્રી, કમિશનર,શાળાઓની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક/ઉમબ/ઉમા.૧/ પ્રવાસી શિક્ષક/૨૦૧૭-૧૮/૩૪૩૬-૩૯ તા.૨૯/૦૫/૨૦૧૭

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે જિલ્લામાં આવેલ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે તે વિષયઓની જગ્યા ખાલી હોય શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરતી બોર્ડ દ્વારા શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી શાળાના વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્યથી વંચિત ન રહે તે હેતુથી તાસ દીઠ માનદવેતનથી પ્રવાસી શિક્ષકોની ભરતી કરવા સંદર્ભદર્શિત ઠરાવ/પરિપત્રોથી સૂચના મળેલ છે તે મુજબ આપની શાળામાં **હાલ ભરતીના ત્રીજા રાઉન્ડ બાદ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કેટલા પ્રવાસી શિક્ષકોની જરૂરીયાત છે** તેની વિગતો નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ પ્રવાસી શિક્ષક અંગેની દરખાસ્ત તૈયાર કરી **તા.૦૫/૦૬/૨૦૧૭ના** રોજ રૂબરૂમાં કચેરીની માધ્યમિક શાખા-૧માં આપવાની રહેશે.

**:: સૂચના ::**

૧.શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના (પ્રવાહ વાર) કુલ વર્ગો દીઠ મળવા પાત્ર શિક્ષકોનું સેટઅપ અંગેનું પત્રક.**(પ્રવાહ વાર અલગ-અલગ)**

ઉચ્ચતર માધ્યમિકનું સેટઅપ-૨ મુજબ ગણવું**(માધ્યમિક અને ઉ.મા.નું અલગ-અલગ પત્રક બનાવવું.)**

| કુલવર્ગો | મળવા પાત્ર શિક્ષકો | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાના વિષયો |
|---|---|---|---|---|
| | | | | |

૨.પ્રવાસી શિક્ષકોની ભરતી અંગે શાળા સંચાલક મંડળનો ઠરાવ રજુ કરવો.

૩.શાળાએ માનદવેતન (પ્રવાસી શિક્ષક)ની સેવા લેવા માટે મળવાપાત્ર સેટઅપ મુજબ ખાલી જગ્યા કરતા પ્રવાસી શિક્ષકની સંખ્યા વધી ન જાય તેની ખાસ કાળજી રાખવાની રહેશે.

૪.શાળાએ સેટઅપ મુજબ મળવાપાત્ર જગ્યાઓ પૈકીની ખાલી જગ્યા ઉપર વિષયવાર શિક્ષકની સેવા લેવા માટે વર્કલોડ,વર્કલોડનું પત્રક તથા જગ્યા ઉભી થવાના આધારો દરખાસ્ત સાથે રજુ કરવાના રહેશે.

૫.પ્રવાસી શિક્ષક માટે આ કચેરીની પૂર્વ મંજૂરી લઇને જગ્યા મંજુર કરાવીને જેતે વિષયના પ્રવાસી શિક્ષકની ભરતી કરવાની રહેશે.

**(P.T.O.)**

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે સરકારી / બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળઓમાં પ્રવાસી શિક્ષકોની જરૂરીયાતની માહિતી

(માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનું અલગ-અલગ પત્રક બનાવવું)

શાળાનું નામ :- તાલુકો :-

| ક્રમ | વિભાગ | કુલ પ્રવાસી શિક્ષકોની સંખ્યા | વર્ષ દરમ્યાન કુલ તાસની સંખ્યા | ૨૦૧૭-૧૮માં ગ્રાન્ટની જરૂરીયાત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | બિન આદિજાતી વિસ્તાર | | | | |
| ૨ | આદિજાતી વિસ્તાર | | | | |
| ૩ | ખાસ અંગભુત વિસ્તાર | | | | |

નોંધ :- (૧) શાળા જે વિસ્તારમાં આવેલ હોય તેજ વિસ્તારમાં વિગત દર્શાવવી.
(૨) ગ્રાન્ટની જરૂરીયાતની વિગતમાં - કુલ પ્રવાસી શિક્ષકોની સંખ્યા × કુલ તાસની સંખ્યા × તાસની રકમ= જે રકમ આવે તે ૨૦૧૭-૧૮ની ગ્રાન્ટની જરૂરીયાતની વિગતમાં દર્શાવવી

<u>ખાસ નોંધ</u> :- સદર માહિતી રૂબરૂ આપવાની છે કોઇ પણ સંજોગોમાં આ માહિતી ટપાલ પેટીમાં નાખી ન જવી જે ખાસ નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
નવસારી